# સે-૨૮માં માતા-દિકરીનું રહસ્યમય મૃત્યુ

## વહેલી સવારે પતિ ઉઠયો ત્યારે પત્નિને પંખે લટકતી અને ચાર વર્ષની દિકરીને પથારીમાં મૃત હાલતમાં જોઈને પોલીસ બોલાવી : મૃત પત્નિનાં પિયરીયાનો હત્યાનો આક્ષેપ : માસુમ બાળકીની હત્યા કોણે કરી...? તપાસનો વિષય..!



(તસવીર : વિપુલ ચૌહાણ)



(માતા-દીકરીની ફાઈલ તસવીર)

ગાંધીનગર, તા.૧૪ શહેરના સે-૨૮ સ્થિત સરકારી આવાસમાં રહેતા એસ.આર.પી. કોન્સ્ટેબલે વહેલી સવારે પોલીસને જાણ કરી હતી કે તે ઉઠયો ત્યારે તેની પત્નિ પંખે લટકેલી હાલતમાં અને ૪ વર્ષની માસુમ દિકરી પથારીમાં મૃત હાલતમાં પડી છે. ઘટના સ્થળે પહોંચીને સે-૨૧ પોલીસે બનાવ સ્થળનું પંચનામું કરીને એફએસએલ બોલાવી લીધી હતી. માતા-દિકરીના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી પેનલ ડોકટરથી પી.એમ. કરાવીને પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે તો બીજી તરફ મૃતક પત્નિના પરિવારજનોનો આક્ષેપ છે કે તેણીની હત્યા કરવામાં આવી છે. પોલીસે વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૮ છ ટાઈપ બ્લોક નં. ૮૬/૨ ખાતે રહેતા એસઆરપી જવાન મહાવીરસિંહ ચાવડાના લગ્ન પાંચેક વર્ષ પૂર્વે ગાયત્રીબા સાથે થયા બાદ ૪ વર્ષની બાળકી નવ્યા પણ હતી. હાલ પણ ગાયત્રીબા ગર્ભવતી હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. અવારનવાર બંને વચ્ચે ઘરકંકાશ થતા હતાં. દરમિયાન આજે સવારે ૨૫ વર્ષીય ગાયત્રીબા ચાવડા પોતાના રૂમમાં પંખે બાંધેલી દોરી સાથે લટકેલી હાલતમાં મળી આવ્યા હતા અને તેમની ફુલસમી ૪ વર્ષની દિકરી નવ્યા પથારીમાં ટુંપો દઈને હત્યા કરી દીધેલી હાલતમાં મળી આવતા સન્નાટો મચી જવા પામ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# એલ.એલ.એમ.માં જિલ્લાનુ માત્ર ૨.૫ ટકા પરિણામ વિદ્યાર્થીઓમાં આક્રોશ

## વિદ્યાર્થી યુનિયન દ્વારા વાઇસ ચાન્સેલરને રજુઆત

ગાંધીનગર તા ૧૪ ગુજરાત યુનિર્વસિટી દ્વારા લેવાયેલી એલ એલ એમની પરિક્ષામાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ માત્ર ૨.૫ ટકા આવતા વિદ્યાર્થીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો છે.બારકોડ સ્ટીકર વગરની ઉત્તરવહી વિના નિયમો કોરાણે મુકી પરિક્ષા લેવામાં આવી હોવાના આક્રોશ સાથે એન એસ યુ આઇ દ્વારા રિચેકીંગની પ્રબળ માંગ સાથે યુનિર્વસિટિના વાઈસ ચાન્સેલરને રજુઆત કરવામાં આવી હતી.

જિલ્લામાં એલ એલ એમના વિદ્યાર્થીઓ સિધ્ધાર્થ લો કોલેજમાં અભ્યાસ માટે જાય છે. આ કોલેજમાંથી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ એલ એલ એમમાં અભ્યાસ કરી રહયા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ વિદ્યાર્થીઓ કોલેજમાં એલ એલ એમના અભ્યાસ માટે આવે છે. ગુજરાત યુનિર્વસિટિ દ્વારા ૬ મહિના અગાઉ જ એલ એલ એમ ની પરિક્ષા લેવામાં આવી હતી.જયારે સપ્તાહ પુર્વે આ પરિક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં ગાંધીનગર જિલ્લાનું પરિણામ



માત્ર ૨.૫ ટકા જ આવ્યુ હોવાનુ સ્પષ્ટ થતા વિદ્યાર્થીઓમાં નારાજગી વ્યાપી છે.નીચા પરિણામના લીધે એલ એલ એમના વિદ્યાર્થીઓમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. આ મામલે એન એસ યુ આઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને રજુઆત કરવામાં આવી હતી. જેમાં એન એસ યુ આઈના વેલ્ફેર મેમ્બર વિરેનદ્રસિંહ ગોહીલ મિતેષસિંહ બિહોલા તેમજ અજયપાલસિંહ સહિતના ૫૦થી વધુ કાર્યકર્તાઓએ વિદ્યાર્થીઓના હીતમાં રજુઆત કરી હતી.જેમાં જણાંવ્યા મુજબ પરિક્ષામાં નિતિ નિયમો નેવે મુકી બારકોડ સ્ટીકર વગરની ઉત્તરવહીઓ ચેકીંગ માટે મોકલવામાં આવી હતી. જેની ગંભીર નોંધ લઈ તમામ પેપરો ફરિથી ચેક કરવા પણ માંગ કરવામાં આવી છે. વિદ્યાર્થી યુનિયનની આ રજુઆત સંદર્ભે યુનિના ચાન્સેલરે આગામી ૧૦ દિવસમાં નિર્ણય લેવાની ખાતરી આપી છે. જે મામલે સંતોષકારક જવાબ નહિં મળે તો કોર્ટ રાહે લડત આપવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# રથયાત્રા સમિતિએ રૂટનો અભ્યાસ કર્યો નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ

## વૃક્ષોનું ટ્રીમિંગ કરવા વન વિભાગને રજુઆત કરાઈ

ગાંધીનગર તા ૧૪ ભગવાન જગન્નાથજીની ૩૧ મી રથયાત્રાના આયોજનને અનુલક્ષી આખરી તૈયારીઓ ચાલી રહી છે. ભગવાનની ભવ્ય રથયાત્રા નગરના ૩૧ કીલામીટરના રૂટમાં નીકળવાની છે. ત્યારે રથયાત્રા સમિતિ દ્વારા રૂટનુ નિરિક્ષણ કરીને રથયાત્રાના રૂટમાંથી વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા વન વિભાગને રજુઆત કરવામાં આવી છે. જયારે રથયાત્રાના રૂટમાં ખાડા ટેકરા હોય તો તે પણ દુર કરવા સમિતિએ વિભાગને જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં આગામી તા ૧૮ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૧મી રથયાત્રા નિકળશે. રથયાત્રાને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. રથયાત્રામાં હાથી ઘોડા પાલખી સાથે ૧૦૦ જેટલા વાહનો પણ જોડાશે જયારે આ વખતે આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૫ જેટલા અશ્વસવારો પણ જોડાશે.રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન થઈને નગરના વિવિધ સેકટરોમાંથી પસાર થશે. જયારે રૂટમાં ઠેર ઠેર ભાવિકો દ્વારા ભગવાનની રથયાત્રાનુ સ્વાગત કરવામાંઆવશે. નગરના માર્ગો પર ભગવાનની રથયાત્રા નીકળવાની હોવાથી ભાવિકોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. રથયાત્રાના રૂટમાંથી અડચણો દુર કરવા પણ રથયાત્રા સમિતિએ રજુઆત કરી છે. શહેરમાં ઠેરઠેર વૃક્ષોની ડાળીઓ નમેલી હોવાથી નગરજનોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. નગરની ફુટપાથ ઉપર પણ વૃક્ષોના ડાળા લટકેલા જોવા મળે છે. આમછતા તંત્ર દ્વારા વૃક્ષોનુ સમયસર ટ્રીમીંગ કરવામાં આવતુ નથી. જયારે સેકટરોમાં નિયત રૂટ પરથી રથયાત્રા પસાર થવાની છે. ત્યારે રથયાત્રા સમિતિ દ્વારા રૂટમાં આવતા વૃક્ષોનુ યોગ્ય રીતે ટ્રીમીંગ કરવા વિભાગને રજુઆત કરી છે. આ મામલે રથયાત્રા સમિતિના સભ્યોએ રૂટનો જરૂરી અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત રથયાત્રાના રૂટમાં ખાડા ટેકરા હોય તો તે પણ દુર કરવા પણ રજુઆત કરવામાં આવી છે.





ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ પ્રાથમિક શાળાના બાળકોની પ્રતિભા ખોજ સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેનું રિહર્સલ આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે થયું હતું. જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ આજે યોજાવાનો છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નિયત સમયે જ યોજાશે : ડૉ. સિંહા

ગાંધીનગર, તા. ૧૪ રાજય ચૂંટણી પંચ દ્વારા સમયસર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજવા માટે કટિબદ્ધ છે અને શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટેના સીમાંકનનો પરામર્શ રાજકીય પક્ષો સાથે ચાલી રહ્યો છે. તેમ રાજ્યના ચૂંટણી કમિશનર ડૉ. વરેશ સિંહાએ જણાવ્યું હતું.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે આજે ત્રણ જિલ્લાઓની રજુઆતો સાંભળવા આવી પહોંચેલા પંચનુ નેતૃત્વ કરી રહેલા ડૉ. સિંહાએ જણાવ્યું હતું કે આજ સુધીમાં ચાર ઝોન બેઠકો થઈ ચુકી છે અને ખૂબ ઝડપથી આ કાર્યવાહી સંપન્ન કરી દેવામાં આવશે.

ડૉ. સિંહાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ભાવનગર-મહેસાણા અને અમદાવાદની બેઠકો સંપન્ન થઈ છે. આ ચોથી ઝોન બેઠક છે. પરામર્શ પૂર્ણ થયા બાદ ઝડપથી હવે સીમાંકનના આખરી આદેશો જારી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ઓગષ્ટના અંત સુધીમાં તંત્ર ચૂંટણી માટેના ટોપ ગિયરમાં આવી જશે. સીમાંકન પછી તુરત જ મતદાન મથકો અને મતદાર યાદીની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે.

આજે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે તેમણે ગાંધીનગર અરવલ્લી અને સાબરકાંઠાની નગરપાલિકાઓ અંગેની રજુઆતો સાંભળી હતી તેમજ રાજકીય પક્ષોના આગેવાનો સાથે પરામર્શ કર્યો હતો. આ બેઠકમાં તેમની સાથે સચિવશ્રી મહેશભાઈ જોશી તેમજ નાયબ ચૂંટણી કમિશનરશ્રી પણ હાજર રહ્યા હતા.

ત્રણેય જિલ્લાના કલેક્ટરો ઉપરાંત ટોપના અધિકારીઓ તેમજ રાજકીય પક્ષોના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

# શહેરમાં જુના શૌચાલયો હજુ પણ યથાવત

ગાંધીનગર તા ૧૪ નિર્મળ નગર તેમજ સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે નગરને ચોખ્ખુ ચણાંક કરવા સેકટરોમાં શેરી સફાઈ કરવામાં આવે છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા પણ શહેરના રસ્તાઓની સફાઈ કરવામાં આવે છે. આમછતા નગરમા ગંદકીનું ઉદભવ સ્થાન બનેલા જુના શૌચાલયો હજુ પણ યથાવત છે. સેકટરોમાં જુના શૌચાલયોમાં ગંદકીના થર જામી ગયા છે. જયારે દુષણોનો અડ્ડો પણ બન્યા છે.

શહેરમાં નવનિર્મિત શૌચાલયો લાંબા સમય સુધી બિનઉપયોગી રહયા બાદ આખરે કોર્પોરેશને આ શૌચાલયોની જાળવણીનું કામ સંભાળી લીધુ છે. જેના પરિણામે લાખોના ખર્ચે બનાવાયેલા શૌચાલયોના તાળા ખુલતા લોકઉપયોગી બની શકયા છે. શૌચાલયોની જાળવણીનું કામ કોણ સંભાળશે તે મામલે લાંબા સમય સુધી કોઈ નિર્ણય ન લેવાતા આમ નાગરિકોએ દુવિધાઓ વેઠવાનો વારો આવ્યો હતો. જયારે શહેરમાં દાયકાઓ જુના શૌચાલયો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. જયારે નવા ટોઈલેટ બ્લોક બનાવાયા બાદ જુના શૌચાલયો તોડી નાંખવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ હાલની સ્થિતિએ પણ ગંદકીનું ઉદભવ સ્થાન બનેલા આ શૌચાલયો યથાવત જોવા મળે છે. જેના પરિણામે રાત્રિના સમયે દુષણો પાંગરી રહયા છે.

ખંડેર ભાસતા શૌચાલયોમાં ગંદકી ખદબદી રહી છે. સે-૧૬ માં પાટનગર યોજના વિભાગની સામે જ આવી સ્થિતિ છે. આ ઉપરાંત શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ હજુ શૌચાલયોની જાળવણી ન થતા ગંદકીની સમસ્યા જટીલ બની છે ત્યારે નગરમાં ગંદકીનો અડ્ડો બનેલા જુના શૌચાલયો તોડી નાંખવાની લાગણી પણ આમ નાગરિકોમાં પ્રબળ બની છે.


## જાહેર આભાર

ગાંધીનગર નાગરીક કો. ઓ. બેન્કની તાજેતરમાં યોજાયેલ ન્યાયની લડત અને રસાકસી ભરી ચૂંટણીમાં પાવર પેનલના ઉમેદવારોની તરફેણમાં મતદાન કરવા બદલ તમામ મતદારો, આગેવાનો, મિત્રો, શુભેચ્છકોનો અમો સૌનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ. અમોને આપેલ પ્રેમ, હુંફ અને લાગણી ભવિષ્યમાં પણ આપતા રહેશો તેવી અપેક્ષા સહ.

લિ. આપના વિશ્વાસું

**પાવર પેનલ**

શ્રી અમૃતભાઈ એચ. પટેલ
શ્રી પંકજકુમાર બી શુક્લ
શ્રી ભરતકુમાર બી. પટેલ
શ્રી હસમુખભાઈ કે. પટેલ
શ્રી કમલેશકુમાર સી. જોષી
શ્રી નિમેષકુમાર એમ. પટેલ
શ્રી ભરતકુમાર એન. પટેલ
શ્રી મહેશભાઈ એમ. પટેલ
શ્રી રજનીકાન્ત એન. પટેલ
શ્રી શંકરકુમાર આર. પટેલ







## ટેન્ડર નોટીસ

કોબા ગામે ઘરે ઘરેથી કચરો એકઠો કરવા માટે ડસ્ટબીન નંગ -૧૦૦૦ નાના તથા દુકાનો, ધાર્મિક સંસ્થામાંથી કચરો એકઠો કરવા માટે ૮૦ લીટરના મોટા નંગ - ૬૦ ખરીદવા માટે લાગતા વળગતા વિક્રેતાઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. તો દિન ૩ (ત્રણ)માં આ ભાવપત્રકો સરપંચશ્રી, કોબા, કોબા ગ્રામ પંચાયતના નામે મોકલવા વિનંતી છે.

કોબા
તા. ૧૪-૭-૨૦૧૫

યોગેશભાઈ બી. નાયી
સરપંચ
ગ્રામ પંચાયત, કોબા,
તા. જી. ગાંધીનગર















ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com